# બોલિવૂડ-હોલિવૂડ

## કેટરીના કેફ તેના કામને લઈ ખુબ ગંભીર હોય છે



**મુંબઈ,** સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે પોતાની કેરિયરની જોરદાર શરૂઆત કર્યા બાદ સતત સફળતા મેળવી રહેલા યુવા અભિનેત્રી સિદ્ધાર્થ મલહોત્રાએ હવે બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી કેટરીના કેફની ભારે પ્રશંસા કરી છે. સિદ્ધાર્થે તેની પ્રશંસા કરતા કહ્યુ છે કે કેટરીના કેફ પોતાના કામને લઈને હમેંશા ખુબ ગંભીર રહે છે. તે પોતાના કામને ક્યારેય હળવાશથી લેતી નથી. પોતાની બાર બાર દેખોની સહ અભિનેત્રી કેટરીના કેફની પ્રશંસા કરતા સિદ્ધાર્થ હાલમાં થાકી રહ્યો નથી. કેટરીના કેફ બોલિવુડમાં એવી ખુબ ઓછી અભિનેત્રીમાં સામેલ છે જે બોલિવુડમાં પ્રભુત્વ ધરાવનાર ત્રણ ખાન સાથે કામ કરી ચુકી છે. જેમાં સલમાનખાન, આમીરખાન અને શાહરૂખખાનનો સમાવેશ થાય છે. સિદ્ધાર્થે કહ્યુ છે કે પોતાના પાત્રને ન્યાય આપવા માટે તે બનતા તમામ પ્રયાસો કરે છે. ૩૧ વર્ષીય સ્ટાર અભિનેતાએ કહ્યુ છે કે કેટરીના કેફ પોતાની ફિટનેસને ટકાવી રાખવા અને વધારે ખુબસુરત દેખાવવા માટે જીમમાં પણ સખત મહેનત કરે છે. સિદ્ધાર્થે કુહ્યુ છે કે કેટલીક વખત તે પોતે પણ કેટરીના સાથે જીમમાં જોડાઈ જતો હતો. બાર બાર દેખો ફિલ્મમાં કેટરીના કેફ સાથે કામ કર્યા બાદ સિદ્ધાર્થે કહ્યુ છે કે તેની પાસેથી ઘધણુ શિખવા મળ્યુ છે. એક વિલનના સ્ટારે કહ્યુ છે કે કેટરીના પોતાના સીનને ન્યાય આપવા માટે વારંવાર રિહર્સલ કરતી રહે છે. તેનુ કહેવુ છે કે તે કેટરીના સાથે કામ કર્યા બાદ ભારે ખુશ છે. પોતાની ફિલ્મને લઈને આશાવાદી પણ છે. તે પ્રથમ વખત કેટ સાથે ફિલ્મમાં આવી રહ્યો છે.કેટરીના કેફ પાસે હાલમાં કેટલીક ફિલ્મો છે. જેમાં રણબીર કપુર સાથેની જગ્ગા જાસુસ ફિલ્મ પણ છે. જેમાં તે ખુબ મોટી ભૂમિકા અદા કરી રહી છે. હવે તે આ ફિલ્મ માટે પ્રમોશનમાં પણ ભાગ લેનાર છે. કેટરીના કેફ અને રણબીર બન્ને એક સાથે પ્રેમ સંબંધમાં રહ્યા બાદ હવે તેમની વચ્ચે બ્રેક અપની સ્થિતી છે. જો કે બન્ને પ્રોફેશનની દ્રષ્ટિએ સાથે રહ્યા છે.

## જેનિફર લોપેજ ફરી વાર લગ્ન કરવા માટે તૈયાર છે



**લોસએન્જલસ,** સેક્સી અભિનેત્રી અને પોપ સ્ટાર જેનિફર લોપેજે એમ કહીને તમામ ચાહકોને ચોંકાવી દીધા છે કે તે ફરી એકવાર લગ્ન કરી શકે છે. પોતાની સમગ્ર લાઈફ દરમિયાન પ્રેમ અને લગ્નના મામલે વારંવાર નિષ્ફળ રહી હોવા છતાં જેનિફર લોપેજ હજુ પણ યોગ્ય અને આદર્શ પુરૂષની શોધમાં છે. તેનુ કહેવુ છે કે તે અગાઉ ફ્લોપ થઈ હોવા છતાં હજુ લગ્ન કરવા માટે ઈચ્છુક છે. જેનિફર લોપેજે કબુલાત કરતા કહ્યુ છે કે લાઈફમાં કઈ પણ શક્ય છે. વિતેલા વર્ષોમાં ત્રણ લગ્ન કરી ચુકેલી અને ત્રણેય વખત ફ્લોપ રહેલી જેનિફર લોપેજ વિશ્વની સૌથી મોટી પોપ સ્ટાર અને સેલિબ્રીટી તરીકે રહી છે. પ્રોફેશનની દ્રષ્ટિએ તે સૌથી મોંટી સ્ટાર તરીકે ઉભરી છે પરંતુ અંગત લાઈફમાં તેને સફળતા મળી રહી નથી. ગાયિકામાંથી અભિનેત્રી બનેલી જેનિફર લોપેજ તેની કલરફુલ લાઈફ માટે વધારે જાણીતી રહી છે. સુપરસ્ટાર ગાયિકા હાલમાં અભિનેતા અને કોરિયોગ્રાફર કાસ્પર સ્માર્ટ સાથે રિલેશન ધરાવે છે. સ્માર્ટ જેનિફર લોપેજ કરતા ૧૮ વર્ષ નાનો છે. વર્ષ ૨૦૧૧માં તેમની વચ્ચે પ્રેમ સંબંધની શરૂઆત થઈ હતી. બન્ને વર્ષ ૨૦૧૧થી ડેટિંગ પર છે. હાલમાં એક ઈન્ટરવ્યુમાં જેનિફર લોપેજે કહ્યુ હતુ કે તે એમ કહી રહી નથી કે હવે લગ્નનો કોઈ પ્રશ્ન જ થતો નથી. કારણ કે લાઈફમાં કઈ પણ શક્ય છે. તેનુ કહેવુ છે કે તે લાઈફમાં કોઈ પણ મામલે તેના પર મર્યાદા ક્યારેય મુકી રહી નથી. જેનિફર લોપેજે ફરી લગ્નની વાત કરીને તમામને હેરાન કરી દીધાછે. તે કાસ્પર સ્માર્ટ સાથે ક્યારેય લગ્ન કરશે તે અંગે હજુ સુધી કોવિાત કરવામાં આવી નથી. બીજી બાજુ તેના કરતા વયમાં ખુબ નાના રહેલાકાસ્પર દ્વારા લોપેજના નિવેદનના સંબંધમાં કોઈ વાત કરવામાં આવી નથી.

## રણવીર અને વાણી વચ્ચે રેકોર્ડ કિસિંગ સીન રહેશે

**મુંબઈ,** બેફિક્રે ફિલ્મ રજૂ કરવામાં આવે તે પહેલા કેટલાક કારણોસર ભારે ચર્ચામાં છે. પ્રથમ કારણ એ છે કે આદિત્ય ચોપડા રણવીરસિહને લઈને લઈને પ્રથમ વખત ફિલ્મનુ નિર્દેશન કરી રહ્યા છે. રણવીર અને વાણી પ્રથમ વખત એક સાથે નજરે પડનાર છે. ત્રીજુ અને સૌથી મોટી કારણ છે કે આ ફિલ્મના જેટલા પણ પોસ્ટર હજુ સુધી જારી કરવામાં આવ્યા છે તેમાં કિસિંગ સીન રાખવામાં આવ્યા છે. આ ફિલ્મનુ શુટિંગ ફ્રાન્સમાં ખુબસુરત જગ્યાએ કરવામાં આવ્યુ છે. ફિલ્મના પોસ્ટર જારી કરવાની શરૂઆત કરવામાં આવ્યા બાદથી કિંસગ સીનને લઈને ફિલ્મની ચર્ચા રહી છે.રણવીર અને વાણી વચ્ચેના કિસિંગ સીનની ચારે બાજુ ચર્ચા જોવા મળી રહી છે. ફિલ્મના અનેક પોસ્ટર ફિલ્મ માટેના જારી કરવામાં આવ્યા છે. ફિલ્મના સીન ફ્રાન્સ ખાતે શુટિંગ કરવામાં આવ્યા છે. આ ફિલ્મ લાઈટ હાર્ટેડ રોમાન્સ ફિલ્મ છે. રણવીર ફિલ્મને લઈને ખુબ ખુશ છે. બીજી બાજુ બાજીરાવ મસ્તાની ફિલ્મ મારફતે લોકપ્રિય થયેલો રણવીર સિંહ ફિલ્મને લઈને આશાવાદી છે. કારણ કે આ ફિલ્મ મોટા બેનરની ફિલ્મ છે. રણવીર સીન અને વાણી કપુરની આ ફિલ્મ જ્યારે રજૂ કરવામાં આવશે ત્યારે ભારે ચર્ચા જગાવી શકે છે. કારણ કે કેટલાક લોકો ફિલ્મમાં ઉમેરવામાં આવેલા મોટી સંખ્યામાં કિસિંગ સીનને લઈને વાંધો ઉઠાવી શકે છે. જો કે હજુ આને લઈને કોઈ વાત કરવામાં આવી નથી.

### ગુજરાત, બિહારમાં સૌથી વધુ જગ્યાઓ

# જજની ખાલી જગ્યાઓ વધી ૨૦૧૬માં ૨૨ ટકા નોંધાઈ

**નવી દિલ્હી,** ટ્રાયલ કોર્ટ માટે જ્યુડિશિયલ અધિકારીઓની ભરતી માટેની પ્રક્રિયાને ઝડપી કરવા હાઈકોર્ટ દ્વારા શ્રેણીબદ્ધ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં વર્ષ ૨૦૦૨માં જજની ખાલી જગ્યા ૨૦ ટકા હતી જે વધીને હવે ૨૦૧૬માં ૨૨ ટકા સુધી પહોંચી ગઈ છે. હાઈકોર્ટ દ્વારા લેવામાં આવેલા નિરીક્ષના પગલાં છતાં જજની જગ્યાઓ વધી રહી છે. સુપ્રિમ કોર્ટે પણ આ બાબતની નોંધ લીધી છે. સુપ્રિમ કોર્ટમાં ખાલી રહેલી જગ્યાઓની ટકાવારી ૨૦૦૨માં ૨૦ ટકા હતી જે ૨૦૧૬માં ૨૨ ટકા થઈ છે. ટ્રાયલ કોર્ટમાં ખાલી જગ્યાઓ ૨૦ ટકાથી વધીને ૨૨ ટકા થઈ છે. ગુજરાત, બિહાર, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ખાલી જગ્યાઓની સંખ્યા સૌથી વધારે રહેલી છે. ભારતના ચીફ જસ્ટીસ ટીએસ ઠાકુર હાલમાં જ એક કાર્યક્રમ દરમ્યાન ભાવનાશીલ બની ગયા હતા. તે વખતે તેઓએ હાઈકોર્ટ માટે જજની નિમણૂકની પ્રક્રિયાને વધુ ઝડપી કરવા માટે રજુઆત કરી હતી. હાઈકોર્ટમાં ૪૦ ટકા જગ્યાઓ ખાલી રહેલી છે. ન્યાયિક અધિકારીઓની ભરતી પર નિરીક્ષણની પ્રક્રિયા ૨૦૦૮માં શરૂ કરવામાં આવી હતી પરંતુ જે આંકડા મળ્યા છે તે મુજબ સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ના આંકડા મુજબ જિલ્લા અને સબ ઓર્ડિનેટ કોર્ટમાં જ્યુડિશિયલ અધિકારીઓની મંજુર કરવામાં આવેલી જગ્યાઓ ૨૪ હાઈકોર્ટ હેઠળ ૨૦૬૨૦ હતી પરંતુ ૪૫૦૧ જગ્યાઓ અથવા તો ૨૨ ટકા જગ્યાઓ ખાલી રહી ગઈ છે. જિલ્લા જજની પોસ્ટમાં ૧૦ જગ્યાઓ છત્તીસગઢમાં ખાલી રહેલી છે. આ સંદર્ભમાં નિષ્ણાત વિજય હંસારીયાનું કહેવું છે કે ગુજરાતમાં ૭૬૯, બિહારમાં ૬૦૨, મહારાષ્ટ્રમાં ૩૩૪ અને કર્ણાટકમાં ૩૦૨ જગ્યાઓ ખાલી રહેલી છે. આ ખાલી જગ્યાઓને ભરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

## કોંગ્રેસ હિંમતપૂર્વક મેદાનમાં આવવા સુસજ્જ છે : શીલા

**નવીદિલ્હી,** ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પસંદગી કરવામાં આવ્યા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતા દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શીલા દિક્ષિતે પાર્ટી નેતૃત્વનો આભાર માન્યો હતો. ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ ચોથા ક્રમાંકની પાર્ટી છે અને આવી સ્થિતિમાં તેમની સામે કેટલા પડકારો રહેલા છે તે અંગે પૂછવામાં આવતા શીલા દિક્ષિતે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશમાં આ વખતે એક જ અવાજ ઉઠી રહ્યો છે અને આમાં જણાવવામાં આવ્યું છે કે આ વખતે કોંગ્રેસને તક મળવી જોઈએ. ચોક્કસપણે ઉત્તરપ્રદેશ દિલ્હી કરતા મોટા રાજ્ય તરીકે છે. જેથી ઉત્તરપ્રદેશમાં પડકારો પણ વધારે છે પરંતુ અમે હિંમત પૂર્વક ઉત્તરપ્રદેશમાં ચૂંટણી મેદાનમાં ઉતરવા માટે તૈયાર છીએ. ઉત્તરપ્રદેશમાં પહોંચ્યા બાદ એજન્ડા નક્કી કરવામાં આવશે. શીલા દિક્ષિતનું નામ હાલમાં ભ્રષ્ટાચારના મામલામાં છે.

## ફ્રાન્સમાં ઈમરજન્સી વધુ ત્રણ મહિના માટે વધારવા જાહેરાત

**પેરિસ,** ફ્રાંસમાં ફ્રેન્ચ રિવેરા રિસોર્ટ શહેરમાં કરવામાં આવેલા ભીષણ હુમલા બાદ ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરવામાં આવી છે. સાથે સાથે ઈમરજન્સીને વધુ ત્રણ મહિના માટે લંબાવી દેવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ઈરાક અને સિરિયામાં વધુ કઠોર કાર્યવાહી જેહાદીઓ સામે કરવાની જાહેરાત પણ ફ્રાંસના પ્રમુખે કરી છે. આનો મતલબ એ થયો કે આગામી દિવસોમાં ત્રાસવાદીઓ સામે વધુ કઠોર કાર્યવાહી થશે. જેહાદીઓની સામે કાર્યવાહીને ઝડપી કરવાની વાત કરવામાં આવ્યા બાદ વિશ્વના અન્ય દેશો પણ આમાં જોડાશે. લશ્કરી સંસ્થાઓને પણ દેશની સુરક્ષા માટે મદદરૂપ થવા માટે ફ્રાંસના પ્રમુખે અપીલ કરી છે. બીજી બાજુ ફ્રાંસમાં તમામ જગ્યાઓ ઉપર ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

## 'લેટ્સ ટોક મધ્યપ્રદેશ' દ્વારા અતુલ્ય ભારતના હૃદયનો જાદુ છવાયો



**અમદાવાદ,** મધ્યપ્રદેશ રાજ્ય કે જે રાષ્ટ્રનો ખરો સાંસ્કૃતિક વારસો રજૂ કરે છે જેમાં વિવિધ સમુદાયો, કાસ્ટ અને જીવનધોરણનો સમન્વય છે અને તે હમેશા પ્રવાસીઓનું મોટું આકર્ષણ છે. ૬ નેશનલ ટુરિઝમ એવોર્ડસ વિજેતા મધ્યપ્રદેશ દેશના આર્થિક વિકાસ સાધતા રાજયોમાં અગ્રણી રાજ્ય છે અને તેમાં પ્રવાસન ક્ષેત્રે રોકાણની વિશાળ તકો પણ રહેલી છે. આ ઝડપથી વિકસતા પ્રવાસન ક્ષેત્રને દર્શાવતા મધ્યપ્રદેશ ટુરિઝમ કોર્પોરેશને ભારતના માન્ચેસ્ટર ગણાતા અમદાવાદમાં રોડ શોનું આયોજન કર્યું હતું જેમાં ટ્રાવેલ એજન્ટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં અને ભારતના હાર્દની ઝાંખી મેળવી હતી. આ અંગેની પત્રકાર પરિષદ આ રોડ શો અગાઉ હોટેલ હયાત ખાતે બપોરે ૧૨ વાગ્યે યોજાઈ હતી અને આ પ્રસંગે મધ્યપ્રદેશ પ્રવાસનના એએમડી તન્વી સુન્દ્રિયાલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ગ્રાન્ડ રોડ શોમાં વિઝ્યુઅલ ફિએસ્ટાની વિશેષતા જોવાલાયક હતી, જેણે મધ્યપ્રદેશના ભવ્ય અને વૈવિધ્યપૂર્ણ વારસાને પ્રદર્શિત કર્યો હતો અને ભારતના માન્ચેસ્ટરને ચક્તિ કરી દીધું હતું.

મધ્યપ્રદેશ હમેશા વિવિધતાપૂર્ણ આકર્ષણો રજૂ કરે છે. વિશાળ વન વિસ્તાર ધરાવતા રાજય તરીકે તે ૭૭૭૦૦ સ્ક્વેર કિમીનો વિસ્તાર સાલના વૃક્ષોથી વાંસ અને વન્ય પશુ પક્ષીઓના હોટ સ્પોટ સાથે આવરી લે છે, જેમાં ૯ નેશનલ પાર્ક અને ૨૫ વાઈલ્ડલાઈફ સેન્ચ્યુરીઝ જેમકે સાતપુડા વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી અને ચંબલ ઘડિયાલ સેન્ચુરી તેમજ ૩ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ ખજૂરાહો, ભીમબેટકા અને સાંચીનો પણ સમાવેશ થઈ જાય છે. મધ્યપ્રદેશ જેમને જે રીતે ફરવાની ઈચ્છા હોય એ પ્રમાણેની ઓફર કરી શકે તેમ છે જેમાં સુંદર આર્કિટેક્ચરલ સાઈટ્સ જેમકે ગ્વાલિયર અને માંડુ, મંત્રમુગ્ધ કરે દે તેવા જળાશયો જેમકે ઈન્દ્રસાગર, બાનસાગર, તવા સામેલ છે તો આનંદપૂર્ણ સાંસ્કૃતિક ઈવેન્ટ્સ ખજૂરાહો ડાન્સ ફેસ્ટીવલ, માલવા ઉત્સવ, તાનસેન ફેસ્ટીવલ, અલાઉદ્દીન મ્યુઝિક ફેસ્ટીવલ પણ અહીં જોવા મળી શકશે. તમારા હૃદયને જીતવા માટે મધ્યપ્રદેશ કોઈ કમી રાખતું નથી. મધ્યપ્રદેશ ઓમકારેશ્વર તથા પવિત્ર ક્ષિપ્રા નદી કે જ્યાં પાવન સિંહસ્થ કુંભમેળો યોજાય છે એવા ઉજ્જૈનનું ઘર છે. આ કુંભમેળો ૧૨ વર્ષમાં એકવખત યોજાય છે. જેનું હાલમાં જ આયોજન થયું હતું. ભોપાલ અને બુરહાનપુરમાં મુસ્લિમ મોગલ આર્કિટેક્ચર અને ઈતિહાસ જાણી શકાય છે અને તેઓ ખરેખર અનેક સંસ્કૃતિઓ, ધર્મો અને પરંપરાઓનું રાજ્ય બની રહે છે. (૧૯-૧૦)

## આઈસીઆઈસીઆઈ બેન્કની પોકટ્સને મોબાઈલ ફોન યુઝર્સ દ્વારા આવકાર

**અમદાવાદ,** આઈસીઆઈસીઆઈ બેંકની પોકેટ્સ યુવા પેઢી માટે ભારતની પ્રથમ ડિજિટલ બેંક છે, જે મોબાઈલ વોલેટ ઓફર કરનાર પ્રથમ છે. કોઈ પણ વ્યક્તિ, આઈસીઆઈસીઆઈ બેંકની ગ્રાહક ન હોય તેવી વ્યક્તિઓ પણ ગૂગલ પ્લેસ્ટોર પરથી સરળતાપૂર્વક ઈ-વોલેટ ડાઉનલોડ કરી શકે છે, દેશમાં કોઈ પણ બેંક ખાતામાંથી ફંડ કરી શકે છે અને તાત્કાલિક નાણાકીય વ્યવહાર શરૂ કરી શકે છે. તેને લોંચ થયાના એક વર્ષની અંદર ૩.૬ મિલિયન ડાઉનલોડિંગ મળ્યું છે, જેમાંથી ડાઉનલોડ કરનાર ૭૫ ટકા યુઝર્સ આઈસીઆઈસીઆઈ બેંકના ગ્રાહકો નથી. તે મોબાઈલ ફોન પર એકીકૃત ઓફર છે, જેમાં બેંકિંગ વ્યવહારો, બિન-બેંકિંગ વ્યવહારો, ઈ-કોમર્સની ચુકવણીઓ અને સામાજિક સંકલનની કામગીરીઓ સંયુક્તપણે કરી શકાય છે.

વોલેટ વપરાશકર્તાઓને કોઈ પણ ઈ-મેઈલ આઈડી, મોબાઈલ નંબર, ફેસબુક પર મિત્રો અને બેંક ખાતામાં તાત્કાલિક ધોરણે નાણાં મોકલવા સમર્થ બનાવે છે. વપરાશકર્તાઓ આ ઈ-વોલેટનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારના બિલની ચુકવણી કરી શકે છે, મોબાઈલ રિચાર્જ કરાવી શકે છે, ફિલ્મોની ટિકિટ બુક કરાવી શકે છે, ફૂડનો ઓર્ડર આપી શકે છે, ફિઝિકલ અને ઈ-ગિફ્ટ મોકલી શકે છે તથા મિત્રો સાથે ખર્ચને વહેંચી તથા વેંચી શકે છે. તે માટે કોઈ દસ્તાવેજીકરણ કરવાની કે શાખાની મુલાકાત લેવાની જરૂર નથી. પોકેટ્સને ભારતની સૌથી વધુ વિસ્તૃત ડિજિટલ બેંક બનાવવાના ઉદ્દેશ સાથે બેંકે દેશની પ્રથમ કોન્ટેક્ટલેસ મોબાઈલ પેમેન્ટ સોલ્યુશન પણ સુલભ કરાવ્યું છે, જે તેના ક્રેડિટ અને ડેબિટ કાર્ડધારકોને એનએફસી-સક્ષમ મર્ચન્ટ ટર્મિનલ નજીક તેમનો સ્માર્ટફોન લઈ જઈને ઈન-સ્ટોર કોન્ટેક્ટલેસ ચુકવણીઓ કરવાની સુવિધા પ્રદાન કરે છે. પોકેટ્સ એપમાં ઉપલબ્ધ મોબાઈલ પેમેન્ટ સોલ્યુશન ઉપલબ્ધ છે, જે ગ્રાહકોને ટચ એન્ડ પેની સુધારેલી અનુકૂળતા પ્રદાન કરે છે, કારણ કે ગ્રાહકોને સ્ટોર્સમાં ફિઝિકલ કાર્ડ લઈ જવાની કે રોકડમાં ચુકવણી કરવાની જરૂર રહેતી નથી. (૧)

## બ્રાઈડલ જ્વેલરીના અદભૂત કલેક્શન અડારાની એમબીજે દ્વારા રજૂઆત



**અમદાવાદ,** ભારતીય જ્વેલરી ઉદ્યોગમાં અગ્રણી એમબીજે દ્વારા તેના અડારા કલેક્શન દ્વારા સિગ્નેચર ડાયમન્ડ અને પોલકી જ્વેલરી પીસીસનું વિશાળ કલેક્શન રજૂ કરવામાં આવ્યું છે. આ કલેક્શન ૧૫થી ૧૭ જુલાઈ, ૨૦૧૬ એમ ત્રણ દિવસ સુધી એશિયા ઈન્ટરનેશનલ જ્વેલરી શો જેવા બ્રાઈડલ અને ફેશન ઈવેન્ટમાં પ્રદર્શિત કરાયું છે.

ભારતની સૌથી અદભૂત લક્ઝરી જ્વેલરી બ્રાન્ડ એમબીજે દ્વારા તેના નવા બ્રાઈડલ કલેક્શન અડારામાં ભારતીય નવોઢાની સુંદરતાને વધુ નિખાર આપવાનો પ્રયાસ કરાયો છે. ૧૮૯૭થી રજવાડી જ્વેલરી નિર્માણનો બહોળો અનુભવ ધરાવતા એમબીજે ગ્રૂપમાં નિષ્ણાત કારીગરોનો કાફલો છે જેઓ અદભૂત કારીગરી સાથે જ્વેલરી બનાવે છે જે તમામ પ્રસંગોએ ખાસ લૂક આપવામાં મદદ કરે છે. દેખીતી રીતે જ અતિ આકર્ષક એવા પોલકી અને ડાયમન્ડ જ્વેલરીના કલેક્શનમાં ઉચ્ચ ગુણવત્તાના જેમસ્ટોન્સ જેમકે રબીઝ, એમરલ્ડસ, સેફાયર્સ, પર્લ્સ વગેરેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેનાથી દરેક પીસનો એક અલગ આકર્ષક ચાર્મ જોવા મળે છે. મીનાકારી વર્ક્સની અદભૂત કારીગરી પણ દરેક પીસના દેખાવને ભવ્ય લૂક આપે છે,

અતિ ભવ્ય એવા અડારાના દરેક પીસની બનાવટ સુંદર રીતે કરાયેલ છે અને તે માટેની પ્રેરણા સૌથી વધુ ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસામાંથી લેવાયેલ છે જેમાં પરંપરાગત અને આધુનિક એલિમેન્ટ્સનો સમન્વય જોવા મળે છે. આ બ્રાન્ડમાં ચુનંદા ડાયમન્ડ્સ અને જેમ્સ સામેલ કરાયા છે અને તેમને અનોખી ફેશન ડિઝાઈન સાથે સૌથી વધુ આકર્ષક રીતે લગાવવામાં આવેલા છે જેથી બ્રાન્ડની ભવ્યતાને અનુરૂપ તે બની રહે.(૧૯-૮)

## જીઆઈઆઈએસ અમદાવાદે ડિપ્લોમા ટોપર રસિકા કાલેને અભિનંદન પાઠવ્યાં



**અમદાવાદઃ** સિંગાપોરમાં ગ્લોબલ ઈન્ડિયન ઈન્ટરનેશનલ સ્કૂલ (જીઆઈઆઈએસ)એ આઈબી ડિપ્લોમા એક્ઝામિનેશન ૨૦૧૬માં વધુ એકવાર શ્રેષ્ઠ પરિણામો પ્રાપ્ત કર્યા છે અને રસિકા કાલેએ ૪૫ પોઈન્ટ સાથે આઈબી વર્લ્ડ ટોપર બની છે. સંગીત અને નૃત્યમાં રૂચિ ધરાવનાર રસિકા ઓલ-રાઉન્ડર વિદ્યાર્થી છે અને તેણે વર્ષ ૨૦૧૪માં આઈજીસીએસઈ ક્લાસ ૧૦ ટોપર્સમાં પણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. રસિકાના કહેવા અનુસાર "જીઆઈઆઈએસ ખાતે સૌથી મોટો લાભ અભ્યાસક્રમને શિક્ષકો દ્વારા પૂર્ણ કટીબદ્ધતાથી અમલમાં મૂકવામાં આવે છે."

આ ઉપરાંત આરૂષિ ખંડેલવાલ, રેવાન્ડ રાજેશ અને સિબિરનજીથ નાગેશે લગભગ ૪૪ પોઈન્ટ હાંસલ કર્યાં છે, જે સંસ્થાની શૈક્ષણિક ક્ષમતાઓ પ્રદર્શિત કરે છે. ઉલ્લેખનયી છે કે ૩૦ ટકા વિદ્યાર્થીઓએ ૪૦ કે તેથી વધુ પોઈન્ટ્સ હાંસલ કર્યાં છે, જ્યારે કે શાલાની સરેરાશ ૨૦ ટકાથી વધુ રહી છે અને તે વર્લ્ડ એવરેજ સ્કોર કરતાં વધુ છે.

પરિક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ અભિનંદન પાઠવતા સીઓઓ અને રિજનલ ડિરેક્ટર શ્રી કમલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, "દર વર્ષે શ્રેષ્ઠ આઈબી પરિણામો અને વિશ્વની અગ્રણી યુનિવર્સિટિઝમાં વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ અમારા શ્રેષ્ઠ અભ્યાસક્રમનો પુરાવો છે. અભ્યાસ પ્રત્યે અમારા સાકલ્યવાદી અભિગમથી વિદ્યાર્થીઓ અસકારક રીતે શીખીને યુનિવર્સિટિમાં પ્રવેશ મેળવે છે. અમારા મજબૂત અભ્યાક્રમ અને ફેકલ્ટી સભ્યોના બહોળા અનુભવથી શાળા આવતીકાલના વૈશ્વિક નાગરિકોને તૈયાર કરવાની દિશામાં આગળ વધી રહી છે."

અત્યાર સુધીમાં જીઆઈઆઈએસે પાંચ આઈબી વર્લ્ડ ટોપર્સ અને ૧૭ લગભગ પરફેક્ટ સ્કોર્સ મેળવ્યાં છે. દર વર્ષે જીઆઈઆઈએસે શાળાની શ્રેષ્ઠ સરેરાશ જાળવી રાખી છે, જે વૈશ્વિક સરેરાશ કરતાં વધુ છે. આ અમારા ફેકલ્ટીઝના પ્રયાસો, વિદ્યાર્થીઓની પ્રતિબદ્ધતા અને માતા-પિતાની કટીબદ્ધતા અને સહયોગનો પુરાવો છે. (૧૩-૧)

# ઓબામા અને હિરોશીમા

અમુક ક્ષણો દાયકાઓનો કે સદીઓનો બોજ ખંખેરી શકે છે. અમેરિકાના પ્રમુખ ઓબામાએ લીધેલી હિરોશીમાની મુલાકાત એવી ઐતિહાસિક ક્ષણ બની રહેશે. ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધના અંતભાગમાં અમેરિકાએ જાપાનનાં બે શહેરો હિરોશીમા અને નાગાસાકી પર અણુબોમ્બ ફેંકીને તેમને ખતમ કરી દીધાં. આમ કરવું અનિવાર્ય હતું કે નહી, તેની ચર્ચાઓ સાત દાયકા પછી પણ શમી નથી અને આવી ચર્ચાઓ કદી બન્ને પક્ષોને સંતોષ થાય એવા નિર્ણય પર પહોંચતી નથી. કડવી સ્મૃતિઓનો અંત આણવાનો એક રસ્તો ગરીમાપૂર્ણ વર્તન દ્વારા ભૂતકાળની આંખમાં આંખ મિલાવીને, જાહેરમાં શરમ, અફસોસ કે દિલગીરી વ્યક્ત કરીને, ભવિષ્ય માટે નવો રસ્તો તૈયાર કરવાનો છે. અમેરિકાના પ્રમુખ ઓબામાએ મોડે મોડે, તેમના પ્રમુખપદના અંતિમ તબક્કામાં આ રસ્તો લીધો. ૭૧ વર્ષ દરમિયાન અમેરિકાના એકેય પ્રમુખ પોતાના સત્તાકાળ દરમિયાન હિરોશીમા કે નાગાસાકીની મુલાકાત લેવાની નૈતિક હિંમત દર્શાવી ન હતી. જીમી કાર્ટર ભૂતપૂર્વ પ્રમુખ બન્યા પછી ત્યાં ગયા હતા. પરંતુ સત્તા ચાલુ હોય એ દરમિયાન અમેરિકાના પ્રમુખની આવી મુલાકાત વર્ષોથી અપેક્ષા, ચર્ચા અને અટકળોનું કારણ બનતી હતી. જાપાન અને તેના નાગરિકોનો મત સાફ અને સમજી શકાય એવો હતોઃ અમેરિકાના પ્રમુખે અણુબોમ્બનો ભોગ બનેલા લોકોના સ્મારકની મુલાકાત લઈને માફીનાં વચન ઉચ્ચારવાં જોઈએ.


KARVY FINANCE

**કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ**

રજીસ્ટર્ડ ઓફિસ: ૭૬૨, બિલ્ડીંગ નં. ૭, છઠો માળ, સોલીટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઇસ્ટ, મુંબઇ - ૪૦૦ ૦૯૩
ટેલી.: +૯૧ ૨૨ ૬૭૮૭૫૩૦૦ ફેક્સ: +૯૧ ૨૨ ૬૭૮૭૫૩૩૪ વેબસાઇટ: www.karvyfinance.com
કોર્પોરેટ આઇડેન્ટી નંબર : U67190MH2001PLC227379

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. સોનાના ગીરવે મુકાયેલા ઘરેણાની હરાજી તા. ૨૫.૦૭.૨૦૧૬ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે નવરંગપુરા શાખા દ્વારા કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ, ૧૦૪, પહેલો માળ, સ્વપ્નીલ-૫, કોમર્સ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯, ગુજરાત.
અમારા જુદા-જુદા ગ્રાહકોના લોન ખાતામાંથી મળેલ ઘરેણા કે જેઓ તેમના બાકી ચુકવવામાં નિષ્ફળ ગયા છે. તેમની હરાજી થશે. કરજદારોને આ હરાજી થશે. કરજદારોને આ હરાજીની જાણ કરતી નોટીસ પાઠવી દેવામાં આવી છે.
જેમના લોન એકાઉન્ટમાં નાણાં બાકી નીકળે છે તેવા ગ્રાહકોના દાગીનાની હરાજી કરવાની છે તેમના ખાતા નંબર બ્રાંચ સાથે નીચે આપેલા છે.

નવરંગપુરા શાખા

| Loan No. | Application No. | Loan No. | Application No. |
|---|---|---|---|
| PR00345942 | 270090 | PR00416619 | GLD366582 |

મણીનગર શાખા

| Loan No. | Application No. | Loan No. | Application No. |
|---|---|---|---|
| PR00252709 | GLD186880 | PR00356939 | GLD309829 |
| PR00256934 | GLD0217908 | PR00356931 | GLD309828 |
| PR00256840 | GLD217906 | PR00357670 | GLD309836 |
| PR00256870 | GLD217907 | PR00371898 | GLD321038 |
| PR00256774 | GLD217905 | PR00373380 | GLD321045 |
| PR00256738 | GLD217904 | PR00386825 | GLD336039 |
| PR00353683 | GLD309804 | PR00407456 | GLD351994 |
| PR00355508 | GLD309820 | PR00418260 | GLD366512 |
| PR00355512 | GLD309821 | | |

વધારાની માહિતી માટે, કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ નો સંપર્ક કરવો.
સંપર્ક નં. ૦૭૯-૨૬૪૨૪૨૩૬/૯
(કારવી ફાઇનાન્સિઅલ સર્વિસીસ લિમિટેડ ને ગ્રાહકોના કેટલાક એકાઉન્ટની હરાજી કરવી/ મુલતવી રાખવી/કેન્સલ કરવી દરેક અધિકાર કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર સંસ્થાના છે.)



**DEEPTI ALLOY STEEL LIMITED**

**CIN:** L27109GJ1993PLC018943
**Registered Office:** 317, Village - Kharval, Taluko - Dharampur, Dist. Valsad 396050 Gujarat
**Phone:** +91 – 260– 2421575 | **Fax:** + 91 – 260– 2421575
**Email:** investor.deepti@gmail.com
**Website:** www.deeptialloysteel.com

**POSTAL BALLOT NOTICE**

Members of the Company are hereby informed that pursuant to Section 110 of the Companies Act, 2013 ("the Act") and Rule 22 of Companies (Management & Administration) Rules, 2014, M/s Deepti Alloy Steel Limited ("the Company").has completed the dispatch of Postal Ballot Notices along with Postal Ballot Form and a postage prepaid self – addressed Business Reply Envelope to the members whose names appear on the register of members/beneficiary position furnished by National Securities Depository Limited (NSDL) / Central Depository Services (India) Limited (CDSL) as on Friday, July 08, 2016. The notice of Postal Ballot along with explanatory statement is also displayed on the website of the Company at www.deeptialloysteel.com
The Company seeks approval of the Members by way of special resolution through Postal Ballot for the businesses as stated in the Postal Ballot Notice dated July 14, 2016.
The Company has appointed Mr. AnandLavingia, Practicing Company Secretary, as the Scrutinizer for conducting the Postal Ballot process in a fair and transparent manner.
Members whose names appear on the Register of Members / List of Beneficial Owners as on July 08, 2016 will be considered for the purpose of voting. Voting by Postal Ballot shall commence on Saturday, July 16, 2016, 9.00 A.M. and will end on Sunday, August 14, 2016 at 5.00 P.M. Any voting by post from the Members beyond the said date and time will be considered as invalid.
Members who have not received the Postal Ballot Forms or Members who have received Postal Ballot Notice by email but wish to vote through physical Postal Ballot Forms can download Postal Ballot Forms from the Company's Website www.deeptialloysteel.com. In case a Member is desirous of obtaining a printed Postal Ballot Form or a duplicate, he or she may contact Company Secretary and Compliance Officer at the Registered office of the Company or send an e-mail to investor.deepti@gmail.com.
The results of the Postal Ballot shall be announced on Tuesday, August16, 2016 and the same will be communicated to BSE Limited and placed on the website of the Company at www.deeptialloysteel.com.
Any Query or grievance connected with the voting by Postal Ballot may be addressed to the Company Secretary of the Company. E-mail investor.deepti@gmail.com

For, Deepti Alloy Steel Limited
--Sd--
Parikshit Mahatma
Whole-Time Director
DIN: 01599675

Date: July 16, 2016
Place: Ahmedabad



**સૂચના**

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com